ગાંધીનગર સમાચાર
તા. ૭-૨-૨૦૧૨, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી.....

આપણે કઇ સદીમાં જીવીએ છીએ?

શ્રધ્ધા અને અંધશ્રધ્ધા વચ્ચેની પાતળી ભેદરેખા નહીં સમજી શકનારા લોકો કયારેક એકવીસમી સદીમાં પણ બારમી સદીમાં જીવતા હોય એવી નાદાનિયત આચરી બેસે છે. બાયડ તાલુકાની ગણેશપુરા ગ્રુપ ગ્રામપંચાયતની ચૂંટણી ટાણે બનેલી ઘટના કોઇ વાર્તાકારની કલ્પના નથી. હારેલા ઉમેદવારે જે ગામજનો પર શંકા ગઇ એમના સાચનાં પારખાં કરાવ્યાં અને બિચારા નિર્દોષ મતદારો એ અગ્નિપરીક્ષા માટે મન-કમને તૈયાર પણ થઇ ગયાં. ગામડાંમાં હજી પણ માતાજીના નામે દીવા ઉપાડવાની અને સાચાજૂઠાનાં પારખાં માટે ઊકળતી કઢાઇમાં હાથ નાંખવાની અંધશ્રધ્ધા પ્રેરિત કસોટીઓ ચાલ્યા કરે છે. ઊકળતું તેલ ગમે તેવા મહાન સંતને પણ દઝાડે, એ કોઇનું સગું નથી થતું પણ આપણી પરંપરામાં ચાલી આવતી ગાથાઓમાં સીતાથી લઇ પ્રહલાદ સુધીનાં પાત્રો અગ્નિપરીક્ષામાં હેમખેમ પાર ઊતર્યા હોવાની વાતો વર્ણવાયેલી હોઇ ભોળી પ્રજા એને શબ્દશઃ સાચી માનતી રહી છે. મેલડી માતાના ભૂવા ઊકળતી કઢાઇમાંથી પૂરીઓ કાઢે છે, હોળીના દિવસે લોકો સળગતા અંગારા પર ચાલતા હોય છે. આ બધામાં ચમત્કારિક સંદર્ભે શોધતી પ્રજાને ચેતવવા વિજ્ઞાન જાથાવાળા અને વિવેક બુધ્ધિવાદીઓ ('રેશનાલિસ્ટો') લોકો વચ્ચે જઇ એની પાછળ રહેલું વિજ્ઞાન સમજાવી અંધશ્રધ્ધા દૂર કરવાની કોશિશ પણ કરતા રહે છે. તેમ છતાં લોકમાનસમાં છેક ઊંડે ઘરબાયેલી ગ્રંથિઓ દૂર કરવાનું ઘણું કપરું છે. માણસ માત્ર એના સંસ્કારો મુજબ જીવવા ટેવાયેલા છે. પરંપરાથી એનો વિચ્છેદ કરવાના એકલદોકલ પ્રયાસોથી સમાજમાં વ્યાપેલી અંધશ્રધ્ધા નાબૂદ થઇ શકતી નથી. બાયડ નજીકના ગામડાની આ ઘટના એનું નેત્રદીપક ઉદાહરણ છે. હારી ગયેલા ઉમેદવારે એના ગામનાં મતદારો ઉપર પોતાને મત નહીં આપ્યા હોવાનું તહોમત મૂક્યું. જો તમે મને મત આપ્યા હશે તો સાચાજૂઠાનાં પારખાં થઇ જશે, કહી ઉકળતાં તેલમાં હાથ નંખાવ્યા. બિચારા ભોળા મતદારો પણ ભૂવાની વાતમાં ભેરવાઇ ગયા અને આંગળાં દઝાડી બેઠા. ગરમ કરેલું તેલ દઝાડે નહીં તો બીજું શું કરે? પણ આટલી સાદી સમજણ અંધશ્રધ્ધાગ્રસ્ત મતદારોને એમાં હાથ નાખતાં અટકાવી શકી નહીં.

ગુજરાત જેવા પ્રગતિશીલ રાજયમાં પણ આવા બનાવો બનતા રહે છે. અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં હજી સગી માને 'ડાકણ' થઇ છે એમ માની પથ્થર મારીને મારી નાખવાના પ્રસંગો જોવા મળે છે. શીતળાની રસીને કારણે એ નાબૂદ કરી શકાયો છે. વિજ્ઞાન અંધશ્રધ્ધાને સ્વીકારતું નથી. વિજ્ઞાન પ્રકૃતિના નિયમોને સ્વીકારે છે. અગ્નિનો ગુણ છે બાળવાનો. એની સાથે અડપલાં ન જ કરાય. ઊકળતા તેલમાં હાથ નંખાવીને સાચાજૂઠાનાં પારખાં ન કરી શકાય. ખુદ સરપંચની ચૂંટણીમાં હારી ગયેલા ઉમેદવારે ગરમ તેલમાં હાથ બોળવાની જરૂર હતી. એવો ક્રૂર જુલમ કરનારા આગેવાન સામે વહીવટીતંત્રે પણ કડક હાથે કામ લેવાની જરૂર છે. ગ્રામીણ વિસ્તારોમાં જીવન પ્રત્યેનો વૈજ્ઞાનિક અભિગમ કેળવાય એ દિશામાં વ્યાપક લોકશિક્ષણની ઝુંબેશ ચલાવવી જોઇએ. સરકારની આ પવિત્ર ફરજ છે.

ગણપત યુનિવર્સિટી ખાતે ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડી દ્વારા આંતરરાષ્ટ્રીય પરિસંવાદ યોજાશે

ગાંધીનગર, તા.૬

દર વર્ષે યોજાતા મેનેજમેન્ટ વિષયના પરિસંવાદની શ્રેણીના ભાગરૂપે ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડી, ગણપત યુનિવર્સિટી દ્વારા 'વેલ્યુ ક્રિએશન ફોર સસ્ટેનેબલ ગ્રોથ ઈન 21st સેન્ચુરી' વિષય પર પરિસંવાદનું આયોજન આગામી તા. ૮ અને ૯ ફેબ્રુઆરીના રોજ કરવામાં આવ્યું છે.

આ અંતર્ગત દેશ વિદેશના મેનેજમેન્ટ વિષય સાથે સંકળાયેલા તજજ્ઞો, સંશોધકો, અધ્યાપકો તથા આ ક્ષેત્રમાં કાર્યશીલ મેનેજર ભાગ લેવા આવી રહ્યા છે. આ બે દિવસ દરમિયાન તેઓ વૈશ્વિક કક્ષાએ મેનેજમેન્ટ ક્ષેત્રે પ્રવર્તમાન પાસાઓ, નીતિઓ, વ્યૂહાત્મક બાબતો તેમજ નવીન પડકારો અંગે વિચારણા તથા શોધ નિબંધ રજૂ કરશે.

આ પરિસંવાદ ઓસ્ટ્રેલિયાની વિકટોરીયા યુનિ.ની સંયુકત ભાગીદારી તેમજ એઆઈએમએસ ભારતના સહયોગથી યોજવામાં આવશે. આ પરિસંવાદમાં શ્રી એસ.બી. ડાંગ્યાંચ (મેનેજીંગ ડિરેકટર સિન્ટેક્ષ લિમિટેડ), શ્રી ચેતન શાહ (વાઈસ પ્રેસિડન્ટ, સપ્લાય ચેઈન, રીલાયન્સ રીટેલ), ડૉ. ભાવેશ પટેલ (ડાયરેકટર પોસ્ટ ગ્રેજયુએટ, ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ યુનિવર્સિટી), શ્રી રામકિષ્ણન એ.એમ. (વાઈસ પ્રેસિડન્ટ, ટ્રેઈનિંગ એન્ડ ડેવલોપમેન્ટ, ઈન્ટાસ ફાર્માસ્યુટીકલ લિમિટેડ) અને શ્રી ઈમોન ઘોષ (ડાયરેકટર, એકેડમી ઓફ એચ.આર.ડી.), પ્રો. પ્રમોદ પાલીવાલ (ડીન, સ્કૂલ ઓફ પેટ્રોલિયમ મેનેજમેન્ટ, પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિ.), શ્રી સંજય ચકવર્તી (એસોસિએટ વાઈસ પ્રેસિડન્ટ, ટ્રાઈટન કોમ્યુનિકેશન) ડૉ. હરીશ પાઢ (વાઈસ ચાન્સેલર, સરદાર પટેલ યુનિ.) તથા ડૉ. મહેન્દ્ર શર્મા (ડીન, ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, ગણપત યુનિ.) ઉપસ્થિત રહેશે.

આ પરિસંવાદમાં આશરે ૧૦૫ જેટલા રિસર્ચ પેપર, કેસ સ્ટડી અને રિવ્યુ પેપર રજૂ થશે તથા શ્રેષ્ઠ પેપરને એવોર્ડ આપવામાં આવશે. આ ઉપરાંત આ વર્ષે શ્રેષ્ઠ પીએચડી થિસિસની સ્પર્ધા પણ યોજવામાં આવી છે.

ભાઈ ગાંધીનગરા, ગભરાશો નહીં અમે હજુ તો ભવિષ્યમાં કરવેરા લગાવીશું અને તેનું ઓનલાઈન ચૂકવણું રાખેલ છે... હાલમાં બીજી પાલિકાની જેમ ઢોલ વગાડીને વેરા વસૂલ કરવાની કોઇ યોજના નથી...!!

આર.જી. કન્યા શાળા દ્વારા શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા. ૬

નગરના સેક્ટર-૨૩માં આવેલ આર.જી. કન્યા શાળાની ઉચ્ચતર માધ્યમિક વિભાગની વિદ્યાર્થિનીઓ માટે શાળા પરિવાર દ્વારા સરદાર સરોવર ડેમનો એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કર્યું હતું. આ પ્રવાસમાં શાળાની ૧૬૨ વિદ્યાર્થિનીઓ તથા શાળા પરિવારના ૧૨ સભ્યો પણ જોડાયા હતા.

આ પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ્ય શાળામાં ભણાવવામાં આવતી બાબતોનો પ્રત્યક્ષ અનુભવ કરવો અને આવા પ્રવાસથી બાળકોમાં જીજ્ઞાસાવૃત્તિ વધારવાનો પ્રયાસ કરવામાં આવતો હોય છે. આ શૈક્ષણિક પ્રવાસમાં અધિકારીઓ દ્વારા શાળાના બાળકોને આ ડેમની વિશેષતા તેની ઉંચાઈ તેનો ઘેરાવો તેના જળ વિદ્યુત મથક તેમજ આનાથી ત્રણ રાજ્યોને આપવામાં આવતો વિજ પૂરવઠો પૂરો પાડતું વિદ્યુત મથકની પણ મુલાકાત લેવામાં આવી હતી.

ત્યારબાદ આજવા પહોંચીને બાળકોએ ફન પાર્કની મુલાકાત લીધી હતી અને ત્યાની જુદી જુદી રાઈડોમાં બેસવાની મજા માણી હતી. અને રાત્રીના ૧૨ વાગ્યે વિદ્યાર્થીનિઓ શાળાએ પરત આવી હતી. આવા સુંદર આયોજન બાદ સર્વેએ શાળાનાં આચાર્યા સુધાબેન પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો.

સંસ્કૃતિ સંસ્થા, ગુજરાત સમાચાર ટ્રસ્ટ અને આઈ.સી.સી.આર.ના સંયુક્ત ઉપક્રમે

એકાંકી નાટકોનો વિનર્સ શો ગાંધીનગરમાં યોજાશે

ગાંધીનગર, તા. ૬

આગવા કાર્યક્રમો કરવા માટે જાણીતી કલાસંસ્થા સંસ્કૃતિ તથા ગુજરાત સમાચાર ટ્રસ્ટ અને વિદેશ મંત્રાલયનાં ઇન્ડિયન કાઉન્સીલ ફોર કલ્ચરલ રીલેશન, અમદાવાદનાં સંયુક્ત ઉપક્રમે આગામી તા. ૧૧મી ફેબ્રુઆરીના રોજ ત્રણ સુંદર એકાંકી નાટકોની રજૂઆત ગાંધીનગર ટાઉનહોલમાં રાત્રે ૯.૧૫ વાગે કરવામાં આવશે.

ગુજરાત સમાચાર ટ્રસ્ટ અને આઈ.એન.ટી., મુંબઈનાં સંયુક્ત ઉપક્રમે છેલ્લા ૨૫ વર્ષથી અમદાવાદ ખાતે યોજાતી એકાંકી નાટ્ય સ્પર્ધામાં ૨૦૧૩નાં વર્ષમાં પ્રથમક્રમે એસ.એમ. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ કોમર્સ, અમદાવાદનનું 'તુ લડતી રહેજે અનામિકા', તૃતીય ક્રમે શ્રી ચુ.પી. આર્ટસ, શ્રીમતી એમ.જી. પંચાલ સાયન્સ અને શ્રી વી.એલ. શાહ કોમર્સ કોલેજ, પીલવાઈ (મહેસાણા)નું 'ચાલને આપણે પરણી જઈએ' તથા ફાઈનલમાં પ્રવેશવા માટે વિજેતા થયેલ 'અંત' આ પ્રસંગે પ્રસ્તુત થશે.

અમદાવાદમાં દર વર્ષે જાન્યુઆરી માસમાં બે દિવસ માટે યોજાતી એકાંકી નાટ્ય સ્પર્ધા નિહાળવા સમગ્ર ગુજરાત નાટ્યપ્રેમીઓ ખાસ આવે છે. આવું અનેરૂ આકર્ષણ, ઉચ્ચ સ્તર ધરાવતી એકાંકી નાટ્ય સ્પર્ધામાં મૌલીક માવજત,તાજગીસભર દિગ્દર્શન અને નવોન્મેશી દૃષ્ટીકોણ ધરાવતા નાટકો રજૂ થાય છે. આ તમામ એકાંકીઓ માત્ર ૨૦ થી ૨૪ વર્ષનાં યુવાનો દ્વારા સર્જાતા હોય છે. જે તેની આગવી વિશેષતા ગણી શકાય. જે સૂચવે છે કે સબળ સર્જનકર્મને ઉમ્મરનો કોઈ બાધ નડતો નથી.

વિજેતા એકાંકીનો આ 'વિનર્સ શો' ગાંધીનગરમાં ત્રીજી વાર યોજાઈ રહ્યો છે.

ખેલ મહાકુંભમાં આકાશ ઠુંમર સ્કેટીંગમાં ઝળક્યો

ખેલ મહાકુંભમાં મહર્ષિ અત્રી માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓ સ્કેટીંગ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આકાશ ભરતભાઇ ઠુંમર રોડ રેસમાં પ્રથમ ઇને ઇનલાઇનમાં ત્રીજો નંબર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે. શાળાના ટ્રસ્ટી ભરતભાઇ ઠુંમર તથા પરિવારે અભિનંદન પાઠવેલ છે.

ગુજરાતી સાહિત્ય અકાદમી અને 'સંસ્કૃતિ' સંસ્થા દ્વારા

'ધારાવાહિક નવલકથાઓનું ગુજરાતી સાહિત્યમાં સ્થાન' એ વિષય પર સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા.૬

અખબારોમાં પ્રગટ થતી ધારાવાહિક નવલકથાની લોકપ્રિયતા ઈલેકટ્રોનિક માધ્યમોના પ્રચાર અને પ્રસાર પછી પણ યથાવત રહી છે. તે બાબતને મહત્વની ગણીને ગુજરાત રાજય સાહિત્ય અકાદમીના અનુદાનથી શહેરની જાણીતી કલા સંસ્થા 'સંસ્કૃતિ' દ્વારા 'ધારાવાહિક નવલકથાઓનું ગુજરાતી સાહિત્યમાં સ્થાન' એ વિષય પર એક સેમિનારનું આયોજન આગામી તા. ૯ ફેબ્રુઆરીના રોજ સવારે ૯.૧૫ કલાકે શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, સે-૭ ખાતે કરવામાં આવ્યું છે.

આ સેમિનારનું ઉદઘાટન જાણીતા અને લોકપ્રિય યુવા કટાર લેખક શ્રી જય વસાવડા કરશે. આ પ્રસંગે અતિથિવિશેષ પદે દિવ્ય ભાસ્કરના મેગેઝીન એડિટર શ્રી મનિષ મહેતા અને મુખ્ય મહેમાન પદે ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી શ્રી કૃષ્ણકાંત જહા ઉપસ્થિત રહેશે.

આ સેમિનારમાં જાણીતા લેખિકા શ્રી કાજલ ઓઝા-વૈધ 'ધારાવાહિક નવલકથાનું સર્જન કર્મ', ડૉ.કેશુભાઈ દેસાઈ 'ધારાવાહિક નવલકથા અને લોકપ્રિયતા' શ્રી નરેશ શુકલ 'ધારાવાહિક નવલકથાઓનું ગુજરાતી સાહિત્યમાં સ્થાન' અને જાણીતા નવલકથાકાર શ્રી મહેશ યાજ્ઞિક 'ધારાવાહિક નવલકથાની ગતિમાં વાચકોના રસનો ફાળો' એ વિષય પર પોતાના વકતવ્ય આપશે. આ સેમિનાર સવારે ૯.૧૫ થી સાંજે ૪.૦૦ કલાક દરમિયાન યોજાશે. આ સેમિનારમાં સામેલ થવા ઈચ્છતા સૌને આ માટે સંસ્થાના મંત્રી શ્રી મનોજ શુકલનો મો.નં. ૯૮૨૫૮૭૯૫૨૯ પર સંપર્ક સાધવા વિનંતી કરાઈ છે.

કડી સંકુલ ખાતે કરાટે બ્લેક બેલ્ટ એવોર્ડ સેરેમની યોજાશે

કડી સંકુલ સ્થિત આરએન લલિતકલા અકાદમી અને મમતા સ્પોર્ટસ સેન્ટરના કરાટેના વિદ્યાર્થીઓને 'બ્લેક બેલ્ટ એવોર્ડ અર્પણ કરવા સમારોહનું આયોજન આગામી તા. ૯મી ફેબ્રુઆરીના રોજ સાંજે ૬.૩૦ કલાકે ખીમજી વીસરામ સંસ્કાર ભવન, સે. ૨૩, ખાતે કરવામાં આવ્યું છે. વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન અને કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રમુખ શ્રી વલ્લભભાઈ પટેલ સમારોહના પ્રમુખપદે ઉપસ્થિત રહેશે. મહેમાન તરીકે ગાંધીનગર સમાચારના મેનેજીંગ એડીટર શ્રી કૃષ્ણકાંત જહા, ખાસ મહેમાન તરીકેકડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગરના ડાયરેક્ટર શ્રી ડી.ટી. કાપડીયા, અતિથિ વિશેષ પદે ડેમ્પસ ડાયરેક્ટર શ્રી સોમભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. કરાટેની તાલીમ લઈ ચુકેલા તાલીમાર્થીઓ ક્રુવી દેસાઈ, દસ્તગીર કાઝી, સ્વપ્નીલ પારેખ, કૌશલ સોની, વિભૂતિ વાળા, સોહમ ભટ્ટ, દિશાંત સોલંકી, યુગ પારેખને બ્લેક બેલ્ટ એવોર્ડ અર્પણ કરાશે.

સ્પેલિંગમાં સહેજ જ ફરકવાળાં બે કામો સકળ સંસારમાં પુરૂષવર્ગ માટે અઘરાં છે : 'શેવિંગ' (Shaving) ને 'સેવિંગ' (Saving) - હજામત અને બચત

ગુરૂવારની ગપસપ

- પ્રકાશ લાલા

"પનુભાઇ ઘરમાં છો કે નહીં ચાર?"

અમારા ઓટલે ચઢી આવી, લાલાકાકાએ એમની 'હાઇ વોલ્યુમ' પીપી... પીપ... વગાડી.

રોજ સવારના અતિ મહત્ત્વના કામમાં પ્રવૃત્ત અમે, અચાનક આવી બૂમ સાંભળી ચમકી ઊઠ્યા... અમારો હાથ ધ્રૂજ્યો અને બ્લેડ એનું ના કરવાનું કામ કરી ગઇ, અમારો ચહેરો કરવાનું કામ કરી ગઇ, અમારો ચહેરો થોડો લોહીલુહાણ થઇ ગયો. જેમ તેમ દાઢી છોલણ કાર્યક્રમ સંપન્ન કરી, ઘા ઉપર એન્ટી સેપ્ટિક ક્રીમ લગાવી, અમે રેડ અંકલ સન્મુખ પ્રગટ થયા... ત્યારે અંકલ તો નિરાંતે મફતિયા ચાની વાટ જોતા, અમારા છાપા ઉપર કબજો જમાવીને હિંચકે ઝૂલી રહ્યા હતા - અમારા ઘા ઉપર મીઠું ભભરાવા સ્તો!!

"પનુભાઇ, સવારના પોરમાં અંદર શું કરતાં હતા?"

"હજામત!" અમારા જ ઘરમાં લાલાકાકાએ અમારી ઉલટતપાસ આરંભી તેથી અને સવાર સવારમાં એમના કારણે જ અમારે ઘાયલ થવું પડ્યું હતું તેથી મનમાં વ્યાપેલા ગુસ્સાને પ્રગટ કરતાં અમે બોલ્યા.

"અચ્છા, અચ્છા... કયારથી આ ધંધો શરૂ કર્યો છે, પનુભાઇ?" કહેતાં કાકા પોતાની જ જોક ઉપર ખખડી ઊઠ્યાં : "જોક, પનુભાઇ, જોક!!" અમે મૌનવ્રત ધારણ કરીને હિંચકે એમની પાસે બેસવાના બદલે સામે ખુરશી પર બેઠા...

"પનુભાઇ, એક વાત કરૂં?" અમારા ગુસ્સાથી અને ગુસ્સાના કારણે અમે ધારણ કરેલા મૌનની 'ઐસી કી તૈસી' કરતાં લાલાકાકા બોલ્યા : "સમગ્ર પુરૂષજાતિ માટે રોજ સવારનું સૌથી કંટાળાજનક કામ છે આ શેવિંગ. રાઇટ?"

"હું"

"પનુભાઇ, સાચું કહો તો 'સ્પેલિંગ'માં થોડા જ ફરકવાળાં બે કામો સકળ સંસારમાં પુરૂષો માટે કપરાં છે, હોં... શેવિંગ (Shaving) અને સેવિંગ (Saving).... હજામત અને બચત!! રાઇટ?"

"હં..." અંકલની સાચી વાતમાં અમે એકાક્ષરી ટાપસી પુરાવી.

"પનુભાઇ, 'શેવિંગ' કહેતાં દાઢી કરીને ચહેરાને ચમકાવવાના ઉદ્યમ માટે રોજ સવારના પોરમાં સમય કાઢવાનું કામ અઘરૂં ને કંટાળાજનક નથી હોતું? તો 'સેવિંગ' કહેતાં બચત કરવી આ મોંઘવારીના જમાનામાં કેટલી કપરી વાત છે તેમાંય બેમત નથી જ, રાઇટ? ને મજાની વાત તો એ છે કે પુરૂષવર્ગે કરવાનાં આ બંને કામો વિશે મહિલાવર્ગ બેફિકર હોય છે!"

રેડ અંકલે એમના સંભાષણને વિરામ આપી અમારા પ્રતિભાવની રાહ જોઇ... પણ પછી 'રીઢા' નેતા જેમ પ્રજાને પ્રતિભાવ કે પ્રત્યાઘાતની ચિંતા વગર પોતાને જે કરવું ને કહેવું હોય છે તે કહેતા જ હોય છે એમ અંકલે આગળ ચલાવ્યું : "હા, શાકભાજીને ઘરખર્ચ માટે પતિદેવે આપેલા પૈસામાંથી પોતાનું ખાનગી 'સેવિંગ' કરવાની કળામાં પત્નીઓ કુશળ હોય છે પણ આપણે આ 'શેવિંગ' ને 'સેવિંગ' - એ બંને કામો બરાબર ન કર્યાં હોય તો એમનો અચૂક રોષ વહોરવો જ પડતો હોય છે..."

અમને મૌન જોઇ રેડ અંકલ બોલ્યા : "ના સમજાયું? અલ્યાભાઇ, કોઇક રજાના દિવસે આપત્તિમાં જો આપણે 'શેવિંગ' ના કર્યું હોય અને એ જ દિવસે અચાનક ઘરે કોઇ ગેસ્ટ - સવિશેષ એમના પિયર પક્ષના કોઇ - આવી ચઢે કે પછી આપણને જોડે લઇને ક્યાંક બહાર જવાનો પ્રોગ્રામ એ જ દહાડે પત્ની ગોઠવી દે તો આપણું આવી જ બન્યું સમજો... શ્રીમતીજી તપી ઊઠીને તાડૂકે કે 'ઓહ! આજેય દાઢું નથી કર્યું તમે? તમે તો ભઇસા'બ ભારે આળસુ!! એ જ રીતે પુરૂષ જાત બિચારી પાઇ પાઇના 'સેવિંગ' માટે મથે રાખ્યે અને એ લોકો પોતાના દાગીના કે નવી ફેશનની સાડી માટે એક ઝાટકે આપણા 'સેવિંગ'નું 'શેવિંગ' કરી નાખતાં વાર નથી લગાડતાં!

અને પનુભાઇ, આપણી પતિદેવોની કરમની કઠણાઇ તો એ હોય છે કે આપણા માટે આપણે કંઇક લેવાનું કહીએ તો તરત સલાહ મળશે કે એમ આડેઘડે પૈસા ના ખર્ચી નંખાય... જરા 'સેવિંગ' કરવાની ટેવ પાડો તો સારૂં."

"હા... હોં અંકલ, તમે સાવ સાચું કહ્યું..." અમે અમારો ગુસ્સો ગળી જઇ કહ્યું...

અમારા શ્રીમતીજીએ, અંદર રહ્યે રહ્યે લાલાકાકાનું 'હાઇ વોલ્યુમ'માં ચાલતું સળંગ વાયુ પ્રવચન સાંભળી લીધું હશે એટલે ચા લઇને બહાર આવતાં, ચા નો કપ ઘરી અંકલનો ઊઘડો લઇ નાખ્યો : "કાકા, સવાર સવારમાં અમારૂં બહેનોનું શું વાટી રહ્યા છો, હેં? અમારી જેમ કરકસરથી જરા ઘર ચલાવી જુઓ તો ખબર પડે... ને વાર તહેવારે, અમારે કંઇક ખરીદવું પડે એમાં તમને પુરૂષોને શેની ચૂંક આવવા માંડે છે, હેં?"

"હા... હું પનુભાઇને ક્યારને એ જ સમજાવવા મથું છું કે રોજ ગુડ મોર્નિંગમાં તમે 'શેવિંગ' કરતાં કંટાળો અનુભવો છો ને એ કામ તમને કષ્ટદાયક લાગે છે એ બરાબર પણ બહેનો સવારથી રાત સુધી ઘરનાં બધાં કામો કરવા જે ઉદ્યમ કરે છે, જે મહેનત એમને કરવી પડે છે, જે તકલીફો આપણા મહિલાવર્ગે ઉઠાવવી પડે છે એની સામે આપણાં 'શેવિંગ' ને 'સેવિંગ' કાર્યો કોઇ વિસાતમાં નથી... પણ આ પનુભાઇ, મારી વાત માનવા તૈયાર જ નથી ને!!"

ચાનો કપ હાથમાં આવતાં લાલાકાકાએ ફટ દઇને, કશાય ક્ષોભ કે શરમ વગર પક્ષ પલ્ટો કરી નાખ્યો.

આમાં અમારા ભાગે તો "હેં?... હા... ના..." કરવા સિવાય કોઇ વિકલ્પ બચ્યો ન હતો. અમારાં શ્રીમતીજી ચા આપીને અંદર ગયાં એટલે મફતિયા ચાની મોજ માણવામાં રોકાયેલા રેડ અંકલે થોડી વાર ચૂપ રહ્યા - રહેવું પડ્યું...

"કાકા, આવું કરવાનું? બોલવું બધું તમારે અને ઘરી દેવાના અમને." અમે થોડા ગુસ્સાથી બોલ્યા...

"સોરી પનુભાઇ, પણ આમાં એવું છે ને કે તમારાં ઘરવાળાંને નારાજ કરીને રોજ મળતી ચા ગુમાવવાનું મને કેમ પોષાય, હેં?"

"એટલે શહીદ અમને કરી દેવાના? અંકલ, પોતાનો ઉલ્લુ સીધો કરવા બીજાને બલિનો બકરો બનાવવાનું ને આ અભી બોલ્યા અભી ફોક એ બધું ક્યાંથી શીખ્યા?"

"છાપાં ને ટી.વી.માં આપણાં નેતાઓનાં ભાષણો વાંચી-સાંભળીને સ્તો."

"શું?"

"હા સ્તો... બોલેલું ફરી જવામાં કે ફોક કરવામાં એમને ક્યાં કોઇ પહોંચી શકે, હેં? તે પનુભાઇ, મોટાં કહે ને કરે તેવું કરવું જ જોઇએ..."

"હેં!"

"હા..." કહેતાં ચાનો છેલ્લો ઘૂંટ ગટગટાવી, ખાલી કપ અમને પકડાવી, અંકલ આવ્યા હતા તેનાથી બમણી સ્પીડે રવાના થઇ ગયા.

"પનુભાઇ, આપણે મથી મથીને કરેલા 'સેવિંગ' નું પોતાના એકાદ દાગીના કે સાડી માટે 'શેવિંગ' કરી નાખતા મહિલાવર્ગથી તો તોબા" લાલાકાકા ઉવાચ